| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| રજિસ્ટર તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૦૩** |

**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.નવમાં અધિક સેશન્સ જજશ્રીની કોર્ટમાં, અમદાવાદ.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર: ૭૧૩/૨૦૨૬</u>**
**આંક:**

**અરજદાર :–** **ફિરોઝ દાઉદભાઈ સંધી**
ઉ.વ.આ.૫૦, ધંધો–મજુરી, ધર્મે–મુસ્લીમ,
રહે. ૧૦૬, સોહીલપાર્ક, નવરંગ ટેનામેન્ટ પાસે,
સોનલ સીનેમા રોડ, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ.
મુળ વતન : ગામ.દેવચરાળડી, તા.ધાંગધ્રા,
જી. સુરેન્દ્રનગર.
(હાલ જ્યુડીશીયલ કસ્ટડી, સાબરમતી સેન્ટ્રલ જેલ.)

**<u>વિરૂધ્ધ</u>**

**સામાવાળા** : **શ્રી ગુજરાત સરકાર**

**બાબત:** **<u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.</u>**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.એમ.મધુ**
**સામાવાળા સરકાર તરફે વિ.ડી.જી.પી. શ્રી પી.એમ.ત્રિવેદી**

---

**<u>–:: હુકમ ::–</u>**

**૧.** સદરહું અરજી અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૪૨૫૦૩૪૯/૨૦૨૫ ના કામે તેઓને રેગ્યુલર જામીન મંજુર કરવા સારૂ કરેલ છે અને જણાવેલું છે કે,

અરજદાર/આરોપીની ઉપરોકત ગુન્હાના કામે બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૬૧, ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૧(૨), ૧૯૧(૩),૧૯૦, મુજબના ગુન્હાના કામે ધકપકડ થયેલ હોય પરંતુ અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને તેઓએ આક્ષેપિત ગુન્હો કરેલ નથી, અરજદાર/આરોપીએ સદર ગુન્હામાં કોઈ ભાગ ભજવેલ નથી તેમજ કોઈ ગુન્હાહિત કૃત્ય કરેલ નથી. અરજદાર/આરોપીને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. અરજદાર/ આરોપી કોઈ ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા નથી. ફરીયાદીએ તેની ફરીયાદમાં બનાવને મોટુ સ્વરૂપ આપેલ છે. અરજીમાં જણાવેલ સરનામે કાયમી વસવાટ ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, તપાસમાં સાથ સહકાર આપશે. તેથી તેઓને હાલની જામીન મંજુર કરવા તેઓ તરફે અરજ ગુજારવામાં આવેલ છે.

**૨.** સદરહું અરજી દાખલ થતાં, સરકારી વકીલશ્રીને નોટીસ કાઢવામાં આવેલ. વિ.ડી.જી.પી.શ્રી હાજર થયેલ છે અને આ કામે તપાસ કરનાર અમલદાર હાજર રહેલ છે અને આ કામે તેઓનું સોગંદનામું રજુ કરેલ છે અને પોલીસ તપાસના દસ્તાવેજો કોર્ટના અવલોકનાર્થે રજુ કરીને હાલની જામીન અરજીનો વિરોધ કરેલ છે.

**3.** સદરહું અરજી સુનાવણી માટે આવતાં અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વકીલ શ્રી ને તથા વિ.ડી.જી.પી.શ્રી પી.એમ.ત્રિવેદીને સાંભળવામાં આવેલ છે.

**૪.** સદર કામે ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદી અને પ્રિયલ મૈત્રી કરારથી સાથે રહેતા હોય, આરોપીએ ભેગા મળી ગુનાહિત કાવતરૂ રચી ભેગા મળી ઈજા પામનાર બાઈક ઉપર બેઠેલા હોય અને મોબાઈલ ફોનમાં ગેઈમ રમતા હોય આરોપીઓએ તેમની આંખો ઉપર ધાત દબાવી મરચાની ભુકી નાખી માથામા ફટકો મારી તથા ચાકુથી પીઠના ભાગે ઈજા કરી તેમજ સાથળના ભાગે પણ એક ઘા મારી નીચે પાડી દઈ તમામે ગડદા પાટુનો માર મારી ગુનો કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ આપતા આક્ષેપીત ગુનાની ફરિયાદ નોંધવામા આવેલ છે.

**૫.** અરજદાર/આરોપી તરફે તેઓની હાલની જામીન અરજીની વિગતો મુજબની રજુઆત કરવામાં આવેલ છે અને વધુમાં એમ પણ રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ નથી તેઓ તદન નિર્દોષ બેગુના, બેકસુર છે તેમ છતા પોલીસે અરજદાર/આરોપીને શંકાના આધારે ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીએ ગુન્હામા કોઈ ભાગ ભજવેલ નથી. તેઓએ એવીપણ રજૂઆત કરેલ છે કે ઈજા પામનારને દવાખાનામાથી રજા આપી દેવામા આવેલ છે. અરજદાર/આરોપીને વધુ સમય જયુ. કસ્ટડી હેઠળ રાખવામાં આવશે તો તેમના પરીવાર ઉપર તેની માઠી અસર પડે તેમ છે. અરજદાર વિરૂધ્ધ કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ અરજદારની હાજરીની તપાસ માટે કોઈ આવશ્યકતા નથી. તેમજ નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે તેમજ તપાસમાં સાથ સહકાર આપશે તેમ જણાવી અરજી મંજુર કરવા વીનંતી કરેલ છે અને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા વીનંતી કરેલ છે.

**૬.** વિ.ડી.જી.પી.શ્રી તરફે સદરહું જામીન અરજીનો વિરોધ કરવામાં આવેલ છે અને એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, હાલના અરજદાર/ આરોપી વિરુધ્ધના આક્ષેપ મુજબ હાલના આરોપીએ ફરીયાદીને માથાના ભાગે હથોડો મારી ગંભીર ઈજા પહોંચાડેલ છે. સહ આરોપીઓ સાથે ફરિયાદીને માર મારવા માટે ગુનાહિત કાવતરામાં ભેગામળી એકબીજાને મદદગારી કરેલ હોવાનો આક્ષેપ છે. આરોપીઓએ ગુનાહીત કાવતરૂ રચેલ છે અને આક્ષેપીત ગુનામા તેઓએ ભાગ ભજવેલ છે. આમ અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાનો ''**Attempt to Murder**'' નો પ્રથમ દર્શનીય કેસ હોઈ હાલની જામીન નામંજુર કરવા તેઓ તરફે અરજ ગુજારવામાં આવે છે.

**૭.** હાલના કેસમાં અરજદાર/આરોપીએ રેગ્યુલર જામીન માટેની અરજી કરેલ હોય, અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અંગેનો નીચે મુજબનો ચુકાદો વંચાણે લીધેલ છે.

**Ajwar and Others V/s. Waseem and Another, reported in 2024(5) JT 534**, wherein Hon'ble Apex Court has held in para-26

as under :-

> “ *26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal antecedents of the accused, the probability of tampering of the witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail.”*

૮. બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ઘ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તેમજ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધા. ફરીયાદ તથા તપાસના કાગળો જોતા હાલના આરોપી વિરૂઘ્ધ ફરિયાદમા જે આક્ષેપ કરવામા આવેલ છે અને તે સબંધે ત.ક.અ.અમલદારશ્રી એ તેમના સોગંદનામામા જે હકીકત જણાવે છે તે ઘ્યાને લેતા હાલના આરોપી આ ગુનાના કામે મુખ્ય આરોપી સાથે મળી અને તેમના કહેવાથી અન્ય આરોપીઓ સાથે ગુનાહીત કાવતરુ રચી, એકબીજાની મદદગારીમાં આરોપીઓ સાથે મળી, હથોડાથી ફરીયાદીને ઈજા પહોંચાડવામા આવેલ હોવાનો આક્ષેપ છે. અને સહ આરોપીઓ સાથે ફરિયાદીને માર મારવા માટે મદદગારી કરેલ છે. આમ હાલના આરોપીએ અન્ય સહ આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરૂ રચી સમાન ઈરાદો પાર પાડવા માટે ભેગા મળીને યોજના મુજબ ફરિયાદી ઉપર હુમલો કરેલ છે.

૯. આમ, હાલના આરોપી વિરૂઘ્ધ જે પ્રકારનો આક્ષેપ છે અને જે રીતે બનાવ બનેલ છે તેને ઘ્યાને લેતાં ગુન્હાનુ સ્વરૂપ અને ગુન્હાની ગંભીરતાને ઘ્યાને લેતાં જયારે આક્ષેપીત ગુનો બી.એન.એસ. કલમ – ૧૦૯(૧) "**Attempt to Murder**" હેઠળનો હોય, માત્ર ઈજાપામનારને હોસ્પીટલમાંથી રજા આપી દીધેલ હોવાના કારણ માત્રથી જ આરોપીને જામીન મુકત કરી શકાય નહી તેવુ આ અદાલતનું માનવું છે. આમ, હાલની

અરજી મંજુર થવા પાત્ર જણાતી નથી તેમજ ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, ન્યાયનું હિત માર્યુ જાય તેમ છે.

**૧૦.** આ કામે બચાવપક્ષતરફે વિ.વ.શ્રી એ એવી દલીલ કરેલ છે કે આ કામના અન્ય આરોપી બીપીનભાઈ મોહનલાલ સોલંકી અને ઉજ્જવલ મહેશભાઈ પરમાર નાઓને નામદાર ગુ.હા.દ્રારા જામીન મુકત કરવામાં આવેલ છે જેથી હાલના આરોપીને પણ પેરીટીનો લાભ આપવો જોઈએ અને આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા જોઈએ. આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમને ધ્યાને લેતા નામદાર હા.દ્રારા આ ગુનાના અન્ય આરોપીઓને જામીન મુકત કરતી વખતે જે અવલોકન કરેલ છે તેને ધ્યાને લેતા જે તે આરોપીનો રોલ ફકત રેકી કરવાનો તથા હાથ પગથી ગળદા પાટુનો માર મારવાનો આક્ષેપ છે. જયારે હાલના આરોપી વિરૂધ્ધ જે આક્ષેપ છે તે મુજબ તેઓએ મારક હથિયારથી ઈજા પામનારને ઈજા કરેલ છે. આમ હાલના આરોપીનો રોલ અન્ય આરોપીઓ કરતા વધુ ગંભીર હોવાનુ જણાય આવે છે.

**૧૧.** આ હકીકત સંદર્ભે અત્રેની અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Dineshkumar Vasudev Naik V/s State of Gujarat 2003 (2) GLH 274** માં પેરા – ૪ માં એવું ઠરાવેલ છે કે,

> "4. ....While considering bail of different accused, the court has to find out whether they stand on the same footing or not. Even if role assigned to various accused is same yet they may stand on different footing. At the same time, if there is no real distinction between the individual case of accused, the principle of parity comes into play and if bail is granted to one accused, it should also be granted to the other accused whose case stands on identical footing. Nevertheless the principle of grant of bail on parity cannot be allowed to be carried to an absurd or illogical conclusion so as to put to a judge in a tight and strait-jacket to grant bail automatically. There may be case which may require an exception; where a judge may not simply take a different view from the judge who granted bail earlier to a co-accused but where the conscience of the judge revolts in granting bail. In such a situation, the judge may choose to depart from the rule, recording his reasons. However, such cases would be very few."

**૧૨.** વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના Sagar V/s State of Uttar Pradesh. 2025(4) Crimes 556 ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

> 11. It is clear from the perusal of the above factors that the High Court failed to consider all that was relevant. On parity, it is

necessary to refer to **Ramesh Bhavan Rathod V. Vishanbhai Hirabhai Makwana (Koli) and Anr., (2021) 6 SCC 230.** This Court observed that while utilizing parity as a ground for bail, the same must focus on the role of the accused and cannot be utilized solely because another accused person was granted bail in connection with the same offence, and neither can this ground be claimed as a matter of right.

**૧૩**. ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં, હાલના અરજદાર /આરોપીનો રોલ અને અન્ય આરોપીનો રોલ અલગ–અલગ હોય હાલના આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધીની સતા નો ઉપયોગ કરવો હાલના તબકકે ન્યાયોચીત જણાતું નથી. તે સંજોગોમા હાલની જામીન અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

–// **હુ ક મ** //–

ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૪૨૫૦૩૪૯/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૬૧, ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૧(૨), ૧૯૧(૩),૧૯૦, મુજબના ગુનાને કામે હાલના અરજદાર **ફિરોઝ દાઉદભાઈ સંઘી** નાઓની હાલની જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની આ ફોજદારી પરચુ.અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ ૧૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 13/03/2026 18:30:32 IST.

તારીખ: ૧૩/૦૩/૨૦૨૬
અમદાવાદ.

**(સંજયકુમાર છગનભાઈ મકવાણા)**
નવમાં અધિક સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય)
**(કોડ નં.જીજે૦૦૯૨૦)**